આપનું સપ્તાહ કેવું જશે?

તા.૦૬/૦૬/૨૦૨૨ થી તા.૧૨/૦૬/૨૦૨૨ સુધી

લેખક: જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

મેષ (અ,લ,ઈ) :- વિદ્યાર્થીઓ માટે વીક અનુકૂળ રહેશે. સંતાનોના કામમાં મિત્રોની મદદ મળે. નવા રોકાણમાં યોગ્ય માર્ગદર્શન જરૂરી રહેશે. નોકરીયાત વર્ગને નવા ફેરફારનો લાભ મળે. માતા તથા મોસાળ પક્ષનો સાથ મળે. નોકરીમાં નવી જવાબદારી વધશે. પારિવારિક બાબતે નવી યોજના પાર પડે. પારિવારિક પાર્ટીનું આયોજન થાય. રોમેન્ટીક મુલાકાતથી મનને શાંતિ મળે.

વૃષભ (બ,વ,ઉ) :- પરિવાર બાબતે તમારી લાગણી અને સમર્પણની કદર થાય. નોકરી - ધંધામાં નવા ફેરફારથી દોડધામ વધશે અને કૌટુંબીક પ્રસંગોમાં વ્યસ્ત રહેવાનું બને. પ્રિયજનો અને મિત્રોને મળવાનો મોકો મળશે. વિદ્યાર્થીઓને ગુરુજનોનો સાથ મળે. શેર, સટ્ટા, લોટરી, વાયદા, મ્યુચ્યુઅલફંડ વગેરેમાં રોકાણ વિચારપૂર્વક કરવું. પ્રેમ - પ્રકરણો રંગીન બનશે.

મિથુન (ક,છ,ઘ) :- વિરોધીઓ અને હરીફોથી સાવધાન રહેવું. શિક્ષણ, કમ્પ્યુટર, દલાલી, પ્રવાસ વગેરે સાથે સંલગ્ન લોકોને અચાનક તક મળે. સામાજીક જીવનમાં માનજનક પ્રગતિ થાય. ઘરમાં સુખ સગવડના સાધનો વસાવી શકાય. રોમેન્ટીક મુલાકાત થાય. પ્રેમમાં નિરાશા મળે. અચાનક જૂના મિત્રોની મુલાકાત થાય. વિદ્યાર્થીઓની મુંજવણ વધશે. સંતાન અને જીવનસાથીના પ્રશ્નો સતાવે.

કર્ક (ડ,હ) :- નોકરી ધંધાની બાબતે પ્રમોશન કે આર્થિક લાભ મળે. અચાનક ઉઘરાણી કે અન્ય રીતે આવકના સાધનો વધશે. નવા કામ કે સોદા થઈ શકે છે. આર્થિક બાબતે નવુ આયોજન થાય. કોઈ મહત્ત્વપૂર્ણ મુલાકાતથી હકારાત્મક અને લાભદાયક વાતાવરણ મળે તેમજ પરિવારના સભ્યો માટે નવી દિશા કે માર્ગદર્શન મળે. જૂના મિત્રો કે સંબંધીઓ સાથે મનોરંજનનું આયોજન થાય.

સિંહ (મ,ટ) :- તમારી પ્રતિભા કે વહીવટી કુશળતા બતાવવાનો મોકો મળે. અચાનક નોકરી - ધંધા માટે રચનાત્મક પ્રવૃત્તિ થાય. જીવનમાં કંઈક કરવાની ઈચ્છા રાખનારને તક મળે. વિદ્યાર્થીઓના જીવનમાં કોઈ નવો વળાંક આવે. ઘર - સમાજ કે અન્ય જગ્યાએ શાંતિ અને સકારાત્મક વાતાવરણ રહેશે. પરિવારમાં તાલમેલ વધવાથી ઘણા કામ સરળ બનશે. યાદગાર મુલાકાત થાય.

કન્યા (પ,ઠ,ણ) :- કોઈ નવી યોજના કે નવા રોકાણ બાબતે કોઈની વાતોમાં આવવું નહી. યાદગાર અને રોમેન્ટીક મુલાકાત અંગત જીવનમાં થાય. સ્વતંત્ર ધંધાને વિસ્તારવા માટે અનુકુળતા રહેશે પણ માર્ગદર્શન લેવું જરૂરી રહેશે. અચાનક કોઈ તરફ આકર્ષણ થાય પણ ગેરસમજથી બચવું. કુટુંબ પરિવારના કામમાં એક બીજાની મદદ મળે. આર્થિક બાબતે ચોક્કસ બનવું પડશે.

તુલા (ર,ત) :- પોતાની પસંદગીની વ્યક્તિ સાથે રોમેન્ટીક મુલાકાત થઈ શકે છે પણ માનસિક અસ્થિરતા તમારી ઈચ્છાને અધુરી રાખશે. નવા રોકાણ થાય. વિદ્યાર્થીઓને મદદ મળે. વધુ પડતા કામનો બોજ શરીર પર જોવા મળે. આરામ કરવાનું મન થાય. પ્રવાસમાં વિઘ્નો આવે. ગુપ્ત શત્રુઓ ઉપાધી પેદા કરશે. દાંપત્યજીવનમાં તાલમેલ વધશે. ખર્ચા પર કાબુ રાખવો.

વૃશ્ચિક (ન,ય) :- સરકારી કામમાં મદદ મળે. જાહેર જીવનમાં પ્રગતિ થાય. ઉચ્ચ કક્ષાના લોકોનો સાથ મળે. નોકરી - ધંધાની તથા આર્થિક બાબતે ચોક્કસ યોજના બનશે. તમારી મહત્વકાંક્ષી યોજનામાં મદદ મળે. પ્રેમ - પ્રકરણોમાં અનુકૂળતા રહેશે. વિદ્યાર્થીઓને નવી નીતિનો લાભ મળે. શેર, સટ્ટા, લોટરી કે વાયદામાં યોજનાપૂર્વક રોકાણ થાય. આરોગ્ય નરમ રહેશે.

ધન (ભ,ધ,ફ,ઢ) :- ઉચ્ચ શિક્ષણ ઈચ્છુકને પ્રતિષ્ઠિત સંસ્થામાં પ્રવેશ મળી શકે છે. વિદેશ માટેના પ્રયત્નો સફળ રહેશે. કુટુંબ પરિવારમાં કોઈની સિદ્ધિથી તમારી પ્રતિષ્ઠા વધશે. આર્થિક બાબતે ચોક્કસ બનશો. સરકારી નોકરીમાં પ્રમોશન થઈ શકે છે. નોકરી - ધંધા કે કુટુંબ પરિવારની સમસ્યાનું નિવારણ કરી શકશો. તમારી વ્યવહાર કુશળતાથી નવી તક મળશે.

મકર (ખ,જ) :- આગળ કરેલી મહેનત કે રોકાણનું વળતર મળશે. અચાનક શુભ સમાચાર મળે. વડીલોના આશિર્વાદથી નવી યોજના પાર પડે. આરોગ્ય બાબતે અશાંતિ વધશે. નવા વિચારો અને ટેકનોલોજીનો ઉપયોગ લાભદાયક રહેશે. ઉચ્ચ વિદ્યાભ્યાસ માટે મદદ મળે. આયાત નિકાસમાં પ્રગતિ થાય. સરકારી કામ કે નોકરીમાં અશાંતિ વધે.

કુંભ (ગ,સ,શ,ષ) :- તમારી રોજની પ્રવૃત્તિ કે કામકાજની રીતમાં બદલાવ અચાનક નવી તક ઊભી કરશે. કૌટુંબીક સહકારથી નવુ સાહસ પાર પડી શકે છે. તમારી નવી વિચારીક ક્રાંતિથી પરિવારના અન્ય સભ્યોને મદદ મળશે. આર્થિક બાબતે ચોક્કસ બનવું પડશે. વિદેશથી શુભ સમાચાર મળશે. જીવનસાથીનો સાથ ઉપયોગી રહેશે.

મીન (દ,ચ,ઝ,થ) :- નોકરીમાં લાપરવાઈ ભારે પડી શકે છે. વિજાતિય આવેગ રહેવાથી કામમાં મન ઓછું રહે. ખાવા - પીવામાં સાવધાન રહેવું. પેટ - પાચનશક્તિ વગેરેની સમસ્યા પેદા થઈ શકે છે. સરકારી નોકરીના યોગ બને. નવી નોકરીમાં મદદ મળે. સહકર્મી તથા સમાજ પરિવારમાં સંબંધો મજબૂત થઈ શકે છે. અધ્યાત્મિક શાંતિનો અનુભવ થાય.

હાર્દિક પટેલ

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાર્દિક પટેલની સિંહ લગ્નની 25 અંશની પૂર્વાફાલ્ગુની નક્ષત્રના ચોથા ચરણની સૂર્ય - શુક્ર અને કેતુ કારણ કે નક્ષત્ર ઉપસ્વામી કેતુ છે. માટે આ ત્રણ ગ્રહોનો પ્રભાવ સૌથી વધુ તેના જીવનમાં રહેવાનો. સૂર્ય બારમે વિપરીત રાજ યોગ કરે છે, પણ તે શનિના નક્ષત્રમાં છે. ઉપરાંત સૂર્ય - ચંદ્ર અટલે કે અમાવસ પછીનો જન્મ છે. સુદ એકમનો છે, માટે સૂર્ય - ચંદ્ર બંને કર્ક રાશિમાં નિર્બળ કે દુષિત કહેવાય. આવા જાતકોમાં કર્ક રાશિના ખરાબ ગુણો જોવા મળે છે. એવા જાતકો દંભી, જૂઠ્ઠુ બોલનાર, સ્વાર્થી તેમજ પોતાની વાત ગુપ્ત રાખનાર અને કોઈને કોઈ કારણસર જેલમાં જતા હોય છે. ઉપરાંત આવા યોગવાળા જાતકો કલ્પનાની દુનિયામાં જીવતા હોય છે અને પોતાના કર્તવ્યનું ભાન ભૂલીને બિનવ્યવહારુ બનીને પોતાની છાપ લગાડે છે. કર્તવ્યનું ભાન થાય ત્યાં સુધીમાં ઘણુ જ નુકસાન થઈ ચૂક્યું હોય છે. સામાન્ય રીતે જોતા હાર્દિક પટેલની કુંડલીમાં ઘણા રાજયોગ છે. શનિ સાતમે સ્વગ્રહી પણ વક્રી છે. માટે જન્મથી જ સંઘર્ષ રહ્યો છે અને શનિની મહાદશામાં જન્મ માટે જ પોતાના અને સમાજના અધિકાર માટે લડ્યો અને 1998થી 2015 સુધીની બુધની મહાદશામાં તેનો વિદ્યાર્થીકાળ યાદગાર રહ્યો અને સંઘર્ષ કરીને આગળ આવ્યો. તેના બુધ પણ સ્વગ્રહી છે અને વક્રી તથા અસ્તનો છે. વક્રી બુધના લક્ષણો તેની ભાષા - વાણી, વ્યવહાર, બોડી લૅંગ્વેજ અને ભીરુપણુ જોવા મળે છે. તેનો બુધ પણ કેતુના ઉપનક્ષત્રમાં છે. બુધ કુમાર અને યુવા અવસ્થાનો કારક છે. માટે જ બુધની મહાદશા તેને ફળી પણ બુધ વક્રી તથા અસ્તનો છે, માટે તેની પડતીનો પણ કારક છે. બુધની કૃપાથી તેની દશામાં લોકપ્રિય બન્યો, પણ બુધ તેની જુગારી માનસ આપે છે. અતિરેકી અને તોફાનીપણું આપનાર બને છે, જે પડતીનું કારણ છે. જોગાનુંજોગ જોવાનું છે કે તેણે પક્ષ પલટો કર્યો, ત્યારે પણ બુધ વક્રી હતો. તા. 10-05-2022 થી તા. 03-06-2022 સુધી બુધ વક્રી ઉપરાંત તા. 14-05-2022 થી તા. 01-06-2022 સુધી બુધ અસ્તનો હતો. જ્યોતિષના નિયમ પ્રમાણે વક્રી બુધ દરમિયાન જે કોઈ મહત્ત્વના કામ, કરાર, સંધિ, ભાગીદારી દસ્તાવેજ કે નોકરી ધંધાને લગતા નવા કામ વગેરે કરવામાં આવે તે મોટા ભાગે નિર્થક પુરાવાર થતા હોય છે. તેનુ ફળ હંમેશા નિરાશાજનક મળતું હોય છે. માટે હાર્દિક પટેલનું કદ હવે પેટરાઈ જશે. અથવા એક ચોક્કસ માપમાં બંધ થઈ જશે. તેના જીવનમાં આવો વળાંક આવવાનું મુખ્ય કારણ કેતુ અને શુક્ર છે. સિંહ લગ્નમાં શુક્ર અશુભ ફળદાતા માનવામાં આવે છે અને કેતુ દસમે નીચભંગ રાજયોગ કરે છે. માટે મે 2015થી 14-05-2022 સુધીની કેતુની મહાદશામાં તેને તેના પૂર્વજન્મના પુણ્ય કર્મ કે સારા કર્મોનું ભરપુર ફળ મળ્યું. આ સમયમાં જ વડાપ્રધાન જેવી શક્તિશાળી વ્યક્તિની સામે તે એક દિવાર બનીને ઊભો રહી શક્યો અને રાતોરાત આખા દેશમાં તેનું નામ જાણીતુ થઈ ગયું. તે આ કેતુનો પ્રભાવ હતો. ગ્રહો દરેક જાતકને તેનું શુભ કે અશુભ ફળ એક ચોક્કસ સમય આપવા તત્પર હોય છે અને તે સમય આપણે વર્તમાન જીવન કે વાતાવરણ કેવું છે તે પ્રમાણે મળતું હોય છે. હાર્દિકને કેતુએ તેનું જાહેર જીવનમાં સફળતા આપીને સાબિત કર્યું. આ કેતુની મહાદશાના કારણે જ હાર્દિક વડાપ્રધાન તથા ગૃહપ્રધાન જેવી શક્તિશાળી દુશ્મની નિભાવી શક્યો. છેલ્લા દોઢ વર્ષથી રાહુ - કેતુ પણ એક બીજા પક્ષથી પસાર થતા હતા. પણ 12-04-2022થી રાહુ - કેતુ એ ભ્રમણ બદલાય અને તા. 15-05-2022 થી 14-05-2042 સુધીની શુક્રની મહાદશા ચાલુ થઈ અને આ દિવ્ય અવકાશી શક્તિનો પ્રભાવ પડવા માંડ્યો અને તેણે 18-05-2022ના રોજે કૉંગ્રેસ જેવી એક શક્તિશાળી પાર્ટીઓની અપેક્ષા પ્રમાણે જ વિશ્વાસઘાત કર્યો. કારણ કે શુક્રની 20 વર્ષની મહાદશા તેના માટે શુભ નથી. શનિ - મંગળ સાથે કેન્દ્રયોગ કરતા શુક્ર અને રાહુ - કેતુના સંબંધમાં રહેલ શુક્રદેવ પ્રતિષ્ઠાને હાનિના યોગ કરે છે. આવા શુક્રવાળા જાતકો પ્રજાને કે દેશના સેવક બની શકતા નથી પણ પોતાની પ્રતિભા, આવડત કે કોઈ કલા, સાહિત્ય, ભાષણ, વગેરેના કારણે જાહેર જનતામાં પ્રખ્યાત જરૂર કરે છે. પણ પાપ પીડતી શુક્ર વાળા જાતકો કોઈને વફાદાર રહી શકતા નથી. અધુરામાં પૂરું તા. 29-04-2022થી શનિની પનોતી પણ કર્ક રાશિના તેમજ સિંહ લગ્નવાળા જાતકો માટે શુભ નથી. તા. 05-06-22થી તા. 23-10-22 સુધી શનિદેવ વક્રી થઈને જન્મના શનિ પરથી પસાર થશે. શનિદેવ મંગળના અને મંગળ - શનિના નક્ષત્રમાં છે અને ગોચરમાં પણ શનિ ધનિષ્ઠા નક્ષત્રમાં છે. માટે હાર્દિક જે કંઈ કર્યું છે તેણે કંઈ જ કર્યું નથી. આ અવકાશી શક્તિનો અશુભ સંકેત છે.

અનુસંધાન... પાના પહેલાનું

બોલિવૂડમાં કોરોના...

જણાવ્યું હતું કે, ફિલ્મ-નિર્માતા કરણ જોહરના 50મા બર્થ-ડેની પાર્ટીમાં સામેલ થનારા 55 મહેમાનોનો કોવિડ-19 રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

યમુનોત્રી જતા...

કોષમાંથી સહાયતા કરવાની જાહેરાત કરી હતી. રાજ્ય સરકારની દેખરેખમાં સ્થાનિક તંત્ર ઘટનાસ્થળે દરેક સંભવ સહાયતા પહોંચાડવામાં લાગેલું છે.

અંબાણી કુટુંબની...

સહિત બીજા પણ અનેક બોલીવુડ હસ્તિઓ આવી હતી. રણવીર સિંહ એથનીક વેરમાં સજ્જ થઇને આવ્યો હતો તો આમિર ખાને સ્માઇલ કરતા ઉભા રહીને પાપારઝીઓ સમક્ષ પોઝ આપ્યો હતો. દેશના ટોચના ઉદ્યોગપતિ મુકેશ અંબાણી પોતાના મોટા પુત્રના દીકરા પૃથ્વીને પણ તેડીને ઉભેલા પણ જોવામાં આવ્યા હતા.

અમરનાથ યાત્રા...

ઊડીને આવેલા એક ડ્રોનમાં ટેક્નિકલ ખામી સર્જાતાં લોકોએ ડ્રોનને કઠુઆમાં જોયું હતું. ત્યાર બાદ પોલીસે એ સ્થળેથી સાત ચુંબકીય બોમ્બ કે સ્ટિકી બોમ્બ સહિત હથિયારો અને દારૂગોળો જપ્ત કર્યો હતો.સુરક્ષા એજન્સીઓએ આ પરિવર્તન જોયા બાદ ખાસ કરીને 30 જૂનથી શરૂ થતી અમરનાથ યાત્રાને ધ્યાનમાં રાખીને તેમની વ્યૂહરચના ફરીથી બનાવી છે. દક્ષિણ કાશ્મીરના ઉપરના ભાગમાં સ્થિત ગુફા મંદિરની યાત્રામાં લગભગ ત્રણ લાખ શ્રદ્ધાળુ ભાગ લે તેવી શક્યતા છે.

ભટિંડા જેલ...

પહેલા જિલ્લાના તત્કાલીન ડેપ્યુટી કમિશનરને પત્ર લખીને માંગણી કરવામાં આવી હતી કે સાંજના સમયે જેલને અડીને આવેલા ત્રણસો મીટર સુધીના વિસ્તારમાં કર્ફ્યુ લાદવામાં આવે. સૂત્રોએ જણાવ્યું કે, હજુ સુધી જેલ-અધિક્ષકના પત્રને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગંભીરતાથી લેવામાં આવ્યો નથી અને આ પત્રનો કોઈ જવાબ આપવામાં આવ્યો નથી.

તે જ સમયે, જેલ-અધિક્ષક દ્વારા જેલના 300 મીટરની અંદર કર્ફ્યુ લાદવા અંગે લખવામાં આવેલા પત્રના સંબંધમાં ડેપ્યુટી કમિશનર શૌકત અહમદ પારેએ રવિવારે ટેલિફોનિક વાતચીતમાં કહ્યું હતું કે, તેમને આવો કોઈ પત્ર મળ્યો નથી. ડેપ્યુટી કમિશનરે કહ્યું કે, જેલની આસપાસના વિસ્તારને 'નો ફ્લાય ઝોન' જાહેર કરીને કલમ 144 લાગુ કરવામાં આવી છે. આ ઉપરાંત જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

દેશમાં 34...

મંત્રાલયે જણાવ્યું હતું કે, છેલ્લા 24 કલાકમાં સક્રિય કોવિડ-19 કેસ લોડમાં 1,636 કેસનો વધારો નોંધાયો છે. સક્રિય કેસોમાં કુલ ચેપના 0.06 ટકાનો સમાવેશ થાય છે. જ્યારે રાષ્ટ્રીય કોવિડ રિકવરી રેટ 98.73 ટકા નોંધાયો છે.આરોગ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ, દૈનિક પોઝિટિવિટી દર 1.03 ટકા અને સાપ્તાહિક પોઝિટિવિટી દર 0.84 ટકા નોંધવામાં આવ્યો છે. ગઈ 1 મેના રોજ દૈનિક પોઝિટિવિટી દર 1.07 ટકા નોંધાયો હતો.આ રોગમાંથી સ્વસ્થ થયેલા લોકોની સંખ્યા વધીને 4,26,28,073 થઈ ગઈ છે. જ્યારે આ કેસમાં મૃત્યુદર 1.22 ટકા નોંધવામાં આવ્યો છે.મંત્રાલયે જણાવ્યું હતું કે, રાષ્ટ્રવ્યાપી કોવિડ-19 રસીકરણ અભિયાન હેઠળ દેશમાં અત્યાર સુધીમાં આપવામાં આવેલ સંચિત ડોઝની સંખ્યા 194.09 કરોડને વટાવી ગઈ છે.

બાંગલાદેશમાં કેમિકલ...

છે. આ ઘટનામાં 450થી વધુ લોકો ઘાયલ થયા છે, જેમાંથી ઓછામાં ઓછા 350 સીએમસીએચમાં છે. મૃતકોની સંખ્યા અન્ય હોસ્પિટલોમાં વધુ હોઈ શકે છે.''દરમિયાન ચટ્ટોગ્રામ ડિવિઝનલ કમિશનર (ડીસી) અશરફ ઉદીને જણાવ્યું હતું કે ડીસી ઓફિસ દ્વારા મૃતકોના પરિવારોને 580 અમેરિકન ડોલર (50,000 રૂપિયા) અને ઘાયલોના પરિવારોને 224 અમેરિકન ડોલર (20,000 રૂપિયા)ની સહાય આપવામાં આવી છે.વડા પ્રધાન શેખ હસીનાએ લોકોના મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો અને બચાવ અભિયાન માટે તમામ સુવિધાઓ એકત્ર કરવાનો આદેશ આપ્યો હતો. અધિકારીઓએ ઉચ્ચ સત્તાવાળી તપાસ સમિતિની રચના કરી અને તેને આગામી ત્રણ દિવસમાં રિપોર્ટ સોંપવાની માગ કરી હતી.સીએમસીએચ પોલીસ ચોકીના સબ-ઇન્સ્પેક્ટર નુરુલ આલમે જણાવ્યું હતું કે કન્ટેનર ડેપોમાં શનિવારે રાત્રે 9 વાગ્યાની આસપાસ આગ લાગી હતી. ફાયર સર્વિસના એકમોએ તેને કાબૂમાં લેવાનું કામ કર્યું ત્યારે વિસ્ફોટ થયો અને પછી આગ ફેલાઈ ગઈ હતી. નુરુલે ઉમેર્યું હતું કે શરૂઆતમાં એવી શંકા વ્યક્ત કરવામાં આવી રહી હતી કે, કન્ટેનર ડેપોમાં કેમિકલના કારણે આગ લાગી હતી. 11:45 વાગ્યાની આસપાસ, એક કન્ટેનરમાં કેમિકલ હોવાને કારણે જોરદાર વિસ્ફોટ થયો અને આગ એક કન્ટેનરથી બીજા કન્ટેનરમાં ફેલાઈ ગઈ.ટીવી ફૂટેજ સહિતના મીડિયા અહેવાલો દર્શાવે છે કે વિસ્ફોટ નજીકની કેટલીક ઇમારતોની બારીઓ તોડી નાખી હતી અને આગનો અવાજ 4 કિમી દૂર સુધીના વિસ્તારોમાંથી અનુભવાયો હતો, જેનાથી ગભરાટ સર્જાયો હતો.ફાયર સર્વિસના વડા બ્રિગેડિયર જનરલ મોહમ્મદ મૈનુદ્દીને બંદર શહેરની હદમાં આવેલા સીતાકુંડા વિસ્તારમાં ઘટનાસ્થળે જણાવ્યું હતું કે, ડેપો પરના કન્ટેનરમાં હાઇડ્રોજન પેરોક્સાઇડ જેવા અનેક પ્રકારના રસાયણોનો સંગ્રહ કરવામાં આવ્યો હતો અને રસાયણોને કારણે આગ લાગી હતી.

નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત
નવયુગ આર્ટ્સ કોલેજ

Nuclear Power Corporation of India Limited
EOI for setting up of AKRUTI Centre

જાહેર નોટીસ